**નિયમસંગ્રહ-૩**

## (૩) દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહીત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપદ્ધતી

<table>
<tr><td>*</td><td>લાભાર્થીની પાત્રતા</td><td>૧. અરજદાર ૧૮ થી ૫૦ વર્ષ સુધીના હોવા જોઇએ.<br>૨. અરજદાર સફાઇ કામદાર કે તેમના આશ્રિત હોવા જોઇએ.<br>૩. ધિરાણ મેળવવા માટે કોઇ આવક-મર્યાદા નથી.<br>૪. અરજદારે રેશનકાર્ડ, ચુંટણીકાર્ડ અને આધારકાર્ડ રજુ કરવાનું રહેશે.<br>૫. લોનની રકમ અનુસાર જરૂરી જામીનદાર રજૂ કરવાના રહે છે.</td></tr>
<tr><td>*</td><td>લાભ અંગેની પૂર્વ જરૂરિયાતો</td><td>૧. નિગમ દ્વારા સફાઇ કામદારો અને તેમના આશ્રિતો માટે સીધા ધિરાણ લોન હેઠળ દૈનિક વર્તમાન પત્રોમાં/ સરકારી માધ્યમો દ્વારા જાહેરાત આપવામાં આવે ત્યારે esamajkalyan.gujarat.gov.in પર ઓનલાઇન અરજી કરવી.<br>૨. લાભાર્થીની પસંદગી થયેથી ૪૫-દિવસમાં જામીનખત સહિતના કાગળો પુરા પાડવા.</td></tr>
<tr><td>*</td><td>યોજનાનો લાભ લેવાની પધ્ધતિ</td><td>૧. અરજદારે સમય-મર્યાદામાં ઓનલાઇન અરજી કરવી.<br>૨. ઓનલાઇન અરજીપત્રક ભરી સાધનિક કાગળો અપલોડ કરી તમામ સાધનિક કાગળો સહિતનું અરજી ફોર્મ જિલ્લા કચેરીમાં સમય મર્યાદામાં રજુ કરવુ.<br>૩. નિગમ દ્વારા અરજીપત્રક ચકાસણી.<br>૪. જરૂરી સાધનિક કાગળોની પુર્તતા.<br>૫. માન્ય અરજી પત્રકોની યોજનાવાર યાદી તૈયાર કરવી.<br>૬. ઠરાવ મુજબ લાભાર્થી પસંદગી સમિતિ દ્વારા લાભાર્થીઓની પસંદગી.<br>૭. લાભાર્થીઓની સ્થળ પર ચકાસણી/ધંધ રોજગાર સ્થળની ચકાસણી/લાભાર્થીની ધંધાની આવડતની ચકાસણી<br>૮. લાભાર્થીઓ પાસે જરૂરી દસ્તાવેજીકરણ.<br>૯. વ્યવસાયના પ્રમાણમાં લોન / ધિરાણ<br>૧૦. લોન વસુલાત.</td></tr>
<tr><td>*</td><td>ક્ષમતા નકકી કરવા માપદંડો</td><td>૧. ૧૮ થી ૫૦ વર્ષની વયમર્યાદા.<br>૨. ગરીબી રેખા હેઠળની આવક મર્યાદાવાળા લાભાર્થીની પસંદગીમાં અગ્રીમતા.<br>૩. વિકલાંગ/ અપંગ/ વિધવા/ ત્યકતા/ મહિલા અને અનાથ લાભાર્થી..<br>૪. સફાઇ કામદાર કે તેમના આશ્રિતો/સફાઇ કામદારોની નોંધાયેલ સહકારી મંડળી.</td></tr>
<tr><td>*</td><td>યોજનાની લાભની વિગતો</td><td>સીધા ધિરાણની યોજના અંતર્ગત વિવિધ વ્યવસાય/ ઉદ્યોગ માટે રાષ્ટ્રીય સફાઇ કર્મચારી નાણા અને વિકાસ નિગમ, નવી દિલ્હી દ્વારા માન્ય યુનિટ તેમજ રાજય સરકાર દ્વારા નિર્ધારીત કરવામાં આવેલ યુનિટ કોસ્ટ મુજબ પસંદગી પામેલ લાભાર્થીઓને ૯૦ % સુધીની લોન વાર્ષિક ૪ % થી ૬ % ના વ્યાજ દરથી આપવામાં આવશે. બાકીની રકમ લાભાર્થીના ફાળા કે માર્જીન મની તરીકે નિગમ વિના વ્યાજે આપશે. તેમજ જો નિયમિત હપ્તા ન ભરે તો બાકી હપ્તા પર ૪% થી ૬% નિયમિત વ્યાજ તથા ૨% દંડનીય વ્યાજ વસુલ કરવામાં આવે છે. આ યોજના હેઠળ સહાય (સબસીડી) ની જોગવાઇ નીચે મુજબ છે.
<table>
<tr><th>ક્રમ</th><th>યોજના</th><th>ધિરાણની રકમ</th><th>મળવાપાત્ર સબસીડી</th><th>વ્યાજનો દર</th></tr>
<tr><td>૧</td><td>મહિલા સમૃધ્ધિ યોજના</td><td>૧,૦૦,૦૦૦</td><td>૩૦,૦૦૦</td><td>૪%</td></tr>
<tr><td>૨</td><td>મહિલા અધિકારીતા યોજના</td><td>૨,૦૦,૦૦૦</td><td>૪૦,૦૦૦</td><td>૫%</td></tr>
<tr><td>૩</td><td>માઇક્રો ક્રેડિટ ફાઇનાન્સ યોજના</td><td>૧,૦૦,૦૦૦</td><td>૩૦,૦૦૦</td><td>૫%</td></tr>
<tr><td>૪</td><td>સીધા ધિરાણ યોજના</td><td>૧,૦૦,૦૦૦ થી ૧૫.૦૦ લાખ સુધી</td><td>૧૦,૦૦૦ થી ૭૫,૦૦૦</td><td>૬%</td></tr>
<tr><td>૫</td><td>શૈક્ષણિક લોન</td><td>૧૦ લાખ ભારતમાં<br>૨૦ લાખ વિદેશમાં</td><td>-</td><td>૩.૫% વિદ્યાર્થીની માટે<br>૪% વિદ્યાર્થી માટે</td></tr>
</table></td></tr>
</table>

| | | |
|---|---|---|
| * | સહાયકી વિતરણની કાર્યપધ્ધતિ | ૧. નિગમ દ્વારા અમલીત યોજનાઓમાં વ્યવસાય/ ઉદ્યોગ શરૂ કરવા માટે RTGS/NEFT થી લોનની રકમ વેપારીપેઢીના બેંક ખાતામાં ચુકવવામાં આવશે.<br>૨. કોઇ સંજોગોમાં જિલ્લા મથકે / જાહેર સ્થળે સરકારી કાર્યક્રમથી લાભાર્થીઓને રૂબરૂમાં લોનનું વિતરણ કરવામાં આવશે. |
| * | અરજી કયાં કરવી કે અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો. | ૧. વર્તમાન પત્રોમાં જાહેરાત આપ્યા બાદ https://esamajkalyan.gujarat.gov.in પર લાભાર્થી ઓનલાઇન અરજી કરી શકશે. અરજી કર્યા બાદ તેની પ્રીન્ટ લઇ સાધનિક પુરાવા સહિતની અરજી જિલ્લા કચેરીએ જમા કરાવાની રહેશે. |
| * | બિડાણોની યાદી | અરજદારની અરજી લાભાર્થી પસંદગી સમિતિ દ્વારા મંજુર થતાં નીચે દર્શાવેલ દસ્તાવેજો સામેલ કરવાના રહેશે.<br>૧. રેશનકાર્ડ/ બી.પી..એલ. કાર્ડ/ચુંટણી કાર્ડની નકલ/આધારકાર્ડની નકલ<br>૨. ટેક્ષબીલ/લાઇટ બીલની નકલ<br>૩. તાજેતરનો અરજદારનો પાસપાર્ટ સાઇઝનો ફોટો.<br>૪. સફાઇ કામદાર કે તેમના આશ્રિત હોવા અંગેનું પ્રમાણપત્ર (નિયત નમૂના મુજબ).<br>૫. વાહનો માટે જરૂરી લાયસન્સ (બેઝ) પરમીટ<br>૬. વ્યવસાયના સ્થળ અંગે સંબંધિત સત્તાધિકારી પાસેથી મેળવેલ લાયસન્સની નકલ.<br>૭. જામીનદારોના મિલકત અંગેના જરૂરી આધાર - પૂરાવા.(૭/૧૨ અને ૮-અ ના ઊતારા તથા ગીરોખત અને ઇ-ધારા સેન્ટરમાં બોજાની નોંધણી અથવા મકાનની વેરા પહોંચ તથા બોજાની એન્ટ્રી)<br>૮.મેળવેલ લાયકાતના પ્રમાણપત્રની નકલ.<br>૯.રાષ્ટ્રીયકૃત બેંકના પાંચ થી દશ કોરા ચેક<br>૧૦. જામીનદારના નામ/સરનામા અને તેમના નોકરીદાતાની સંમતિ. |
| * | બિડાણનો નમુનો | સાદા કાગળ પર વિગતો સાથે બિડાણ કરી શકાય.<br>આ સરનામે બિડાણ કરવાનું રહેશે.<br>જીલ્લા મેનેજર અને નાયબ નિયામક (અ.જા.ક.)<br>ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ (સંબંધિત જીલ્લો) |
| * | પ્રક્રિયાને લગતી સમસ્યાઓ અંગે કયાં સંપકં કરવો. | ઉપરોકત દર્શાવેલ સરનામે ટપાલથી કે ટેલીફોનથી સંપર્ક કરી શકાય. આ ઉપરાંત દરેક જિલ્લા મથકે નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ/મદદનીશ જીલ્લા મેનેજરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો સંપર્ક રૂબરૂ / ફોન કે ટપાલથી કરી શકાય. |